## "સાહસને વરે સિધ્ધી"


શ્રી કૌશીકભાઈ પટેલ

ભરૂચ જીલ્લાના આમોદ, વાગરા અને ભરૂચ તાલુકાઓને આવરી લેતા સરદાર સરોવર યોજનાના પિયત વિસ્તારમાં અગાઉ વરસાદ આધારીત ખેતી થતી અને પછીથી સિંચાઈ સુવિધા ઉપલબ્ધ થતાં હવે કૃષિ પાકોના ઉત્પાદનમાં વૃધ્ધિ અને ખેડૂતોને વધુ આર્થિક વળતર મળ્યાનું સહેજે દેખાય છે. અહીં આપણે વાત કરવાની છે, ખાદ્યાન્ન પાકોના મુલ્ય વર્ધન દ્વારા પોતાને અને આ વિસ્તારના ખેડૂતોને વધુ વળતર અપાવનાર એવા એક સાહસીક ખેડૂતની.

મોજે કુરચણ ગામ, તા. આમોદ ખાતે, ૧૦ એકર જમીન ધરાવતા શ્રી કૌશીકભાઇ રમણભાઇ પટેલ, કંઇક નવું શિખવાની અને અપનાવવાની તત્પરતા સાથે જયાં કૃષિ વિષયક કાર્યક્રમો યોજાય ત્યાં અચૂક ઉપસ્થિત રહે અને જે કાંઇ જ્ઞાન મળે તેની અમલવારી અવશ્ય કરે. આમ કરતા, તેઓને આંતરપાક (કપાસ+તુવેર) ની ખેતી માટે સને ૨૦૦૭ માં "કૃષિ ના ઋષિ" નો એવોર્ડ તથા ટપક સિંચાઇ પદ્ધતિ સાથે પ્લાસ્ટિક મલ્ચીંગના ઉપયોગથી પાણીના કાર્યક્ષમ ઉપયોગ કરવા સાથે પપૈયા તથા તડબૂચ જેવા નવીનતમ પાકોની સેન્દ્રીય ખેતી માટે તાલુકા સ્તરનો 'બેસ્ટ આત્મા ફાર્મર્સ એવોર્ડ – ૨૦૦૮–૦૯' પ્રાપ્ત થયેલ. એજ રીતે, "ક્રીએટીવ ફાર્મર્સ કલબ", મુ. કુરચણના નેજા હેઠળ કૌશીકભાઇ દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ "ઠાકોરજી" ગ્રેઇન ગ્રેડીંગ, કલીનીગ અને 'પેકીગ યુનિટ' માટે પણ જીલ્લા સ્તરનો 'બેસ્ટ આત્મા ફાર્મર્સ એવોર્ડ – ૨૦૧૧–૧૨' પ્રાપ્ત થયેલ. તેમની આ સિધ્ધી કેવી રીતે મેળવી અને તેમા આસ પાસના ખેડૂતોને શું લાભ થયો તેની વિગત જોઈએ.



આ વિસ્તારમાં મુખ્યત્વે કપાસ, તુવેર, ઘઉ, જુવાર, દિવેલા તેમજ કઠોળમાં મગ, ચણા, મઠ વિગેરે પાકો થાય છે.  આ પાકોના ઉત્પાદન બાદની પ્રક્રિયા જેવી કે 'ગ્રેડીંગ', 'કલીનીગ' અને 'પેકીગ' તેમજ બજાર વ્યવસ્થાપનની ખેડૂતોની સમસ્યાને બરાબર પારખીને શ્રી કૌશીકભાઇએ આવુ એક એકમ તૈયાર કરવાનું નકકી કર્યુ. સને ૨૦૦૫–૦૬ માં મે. તુલશી એગ્રો કંપની, રાજકોટ પાસે થી રૂ. ૧.૫૦



લાખમાં હરતું ફરતું ગ્રેઈન પ્રોસેસીંગ માટે ‘મોબાઇલ યુનિટ’ વસાવ્યું. અનુભવે સમજાયું કે આ ‘યુનિટ’ થી જોઇએ તે મુજબનું સંતોષકારક કામ થતું નહોતું તેથી વડોદરા સ્થિત ‘ફોર્સ બર્ગ’ કંપની પાસેથી રૂ. ૭.૦૦ લાખ જેવી ઉચી કિંમતે બીજું હરતું ફરતું ‘મોબાઇલ યુનિટ’ તૈયાર કરાવ્યું. આ ‘યુનિટ’ પણ સંતોષકારક પરિણામ ન આપતા જે તે કંપની પાસેથી સને ૨૦૦૭–૦૮ માં સુધારો કરાવેલ. પરંતુ મુલ્ય વર્ધન પ્રક્રિયા માટે ખેડૂતોનો માલ ખુબ જ ખરાબ આવતો હતો અને ઈચ્છીત પરિણામ નહી મળતા બે બે વાર નિષ્ફળતા મળવા છતા ધીરજ ગુમાવ્યા વિના પોતાની કોઠાસુઝ અને હિમ્મતથી સતત સંપર્ક સાધી તાંત્રિક માર્ગદર્શન મેળવતા રહી અલગ–અલગ કંપનીઓ પાસેથી જુદા જુદા ‘પાર્ટર્સ’ ખરીદ કરી ઈચ્છીત પરિણામ પ્રાપ્ત થાય ત્યા સુધી સુધારા વધારા તથા ક્ષમતામાં વધારો કરતા રહી પોતાનું મોટું કલાકના ૩૫ કિવન્ટલ ક્ષમતા ધરાવતું ‘યુનિટ’ ઉભુ કરેલ. જેમાં જે તે સમયનું રોકાણ રૂા. ૧ કરોડ જેટલુ હોવાનું તેઓ એ જણાવેલ.



આ ‘યુનિટ’ નાખવા માટે તેઓએ સ્ટેટ બેંક ઓફ ઈંડીયા, આમોદ શાખા પાસેથી રૂ. ૫૦.૦૦ લાખની લોન સહાય લીધેલ, જેમાં નાબાર્ડના નિયમ મુજબ કુલ રકમના ૨૫ % લેખે (રૂ. ૧૨.૫૦ લાખ) સબસીડી સહાય મળેલ. આખા વર્ષમાં કાપણીનો સમયગાળો ફકત ત્રણ માસ (માર્ચ થી મે) માટે હોય, આ ‘યુનિટ’ ને ચોવીસ કલાક કાર્યરત રાખવામાં આવે છે. શ્રી કૌશીકભાઇના બહોળા અનુભવ અને આગવી સુઝ–બુઝ ને કારણે ‘યુનિટ’નો જાળવણી ખર્ચ નહિવત આવે છે. આવક–જાવક તથા એકંદર ખેડૂતોને થતા લાભની વિગત શ્રી કૌશીકભાઈ એ જણાવ્યા મુજબ કોઠામાં દર્શાવેલ છે.

| ક્રમ | ખાદ્યાન્નના મુલ્ય વર્ધનની આંકડાકીય વિગત | | | |
|---|---|---|---|---|
| ૧ | રોકાણઃ ‘યુનિટ’ ઉભુ કરવાનો કુલ ખર્ચ રૂ. ૧૦૦.૦૦ લાખ (વર્ષ ૨૦૧૧–૧૨) | | | |
| ૨ | અંદાજીત આવક | | અંદાજીત ખર્ચ | |
| | ખાદ્ય પાકનું વજન | ૪૬,૦૦૦ કિવન્ટલ | મજુરી ખર્ચ રૂા. ૧૫ પ્રતિ કિવન્ટલ | રૂા. ૬.૯૦ લાખ |
| | પ્રોસેસીંગ ચાર્જ | રૂા. ૭૦ પ્રતિ કિવન્ટલ | વીજ ખર્ચ : | રૂા. ૨.૫૦ લાખ |
| | કુલ પ્રોસેસીંગ આવક | રૂા. ૩૨.૨૦ લાખ | જાળવણી ખર્ચ : | રૂા. ૦.૪૫ લાખ |
| | | | અન્ય ખર્ચ | રૂા. ૩.૨૨ લાખ |
| | ખર્ચ બાદ કરતા કુલ આવક : | રૂા. ૧૯.૧૩ લાખ | કુલ ખર્ચ : | રૂા. ૧૩.૦૭ લાખ |
| ૩ | મુલ્ય વર્ધન | અંદાજીત મુલ્ય વર્ધન રૂા. ૫૦૦ પ્રતિ કિવન્ટલ લેખે | | **રૂા. ૨૩૦ લાખ** |



ઉપર દર્શાવ્યા મુજબ ‘યુનિટ’ ની આવક ઉપરાંત આઠ થી દસ માણસોને ખુબ સારી રોજગારી મળી રહે છે. કેમ કે, મજૂરોને રોજ ને બદલે રૂ. ૧૫/– પ્રતિ કિવન્ટલ પ્રમાણે મજૂરી ચુકવવામાં આવે છે જેથી દરેક મજૂરને દૈનિક અંદાજે રૂ. ૭૦૦/– જેવું રોજ મળી રહે છે. આખું ‘યુનિટ ઓટોમેટીક’ અને ‘કન્વેયર બેલ્ટ’ આધારીત હોય, ઓછા શારીરીક શ્રમ સાથે વધુ કામ કરી શકાય છે.

કાપણીની મોસમ દરમ્યાન મજુરોની ખુબ જ અછત રહેતી હોવાથી મોટા ભાગના ખેડૂતો કાપણી ‘કમ્બાઈન હાર્વેસ્ટર’ થી કરાવે છે. જેને કારણે કાંકરી / કુડો કચરો વધારે હોય છે તથા દાણાને નુકશાન થયેલ હોય છે. એટલે સીધા બજારમાં વેચવાથી ભાવ ઓછા મળતા હોય છે. અને તેથી ખેડૂતો પ્રોસેસીંગ કરાવાવનું પસંદ કરતા હોય, કામ વધુ રહેતું હોવાના કારણે ખેડૂત અથવા તેઓના સહાયકને ઘણી વાર ૧૨ થી ૨૪ કલાક સુધી રાહ જોવી પડે છે. ત્યારે તેમના માટે વિના મુલ્યે ચા–નાસ્તો, જમવા તથા ઉતારાની વ્યવસ્થા પણ કરવામાં આવે છે. ખેતરમાંથી લવાતા અનાજને તપવવા માટે કોંક્રીટના પાકા ઓટલા બનાવવામાં આવેલ છે. અનાજ ‘યુનિટ’ પર લાવ્યા પછી ખેડૂતને કોઇ પ્રકારની ચિંતા રહે નહી તે રીતે ગ્રેઇન ગ્રેડીંગ, કલીનીંગ અને પેકીંગ થયા બાદ તેને ટ્રેકટરમાં લોડ કરી આપવા સુધીની પ્રક્રિયા માટે પ્રતિ કિવન્ટલ રૂ. ૭૦/– ચાર્જ લેવામાં આવે છે. એટલુ જ નહી પરંતુ બજારમાં બ્રાન્ડ ઉભી થાય તે સારૂ તેઓ તેમના “ઠાકોરજી” ‘બ્રાન્ડ’ ના બારદન પણ પેકીંગ માટે રૂ.૧૨/– લેખે પુરા પાડે છે. આમ,




રૂ. ૮૨/– નો ખર્ચ કરતાં ખેડૂતને ભાવમાં પ્રતિ ક્વિન્ટલ રૂ. ૪૦૦/– થી ૬૦૦/– સુધીનો વધારો મળે છે. આ હિસાબે સને ૨૦૧૧–૧૨ ના વર્ષમાં આ 'યુનિટ ખાતે મુલ્ય વર્ધન કરાવનાર આસ પાસના ખેડૂતોને શ્રી કૌશીકભાઈના જણાવ્યા મુજબ અંદાજે રૂા. ૨૩૦ લાખ જેટલી વધારાની આવક થયેલ. ભવિષ્યમાં શ્રી કૌશીકભાઈ તેમના આ 'યુનિટ' ખાતે જ વધુ સઘન 'બ્રાન્ડેડ' બજાર વ્યવસ્થા ઉભી કરવા માંગે છે. જેથી ખેડૂતોને વધુ લાભ થાય.

શ્રી કૌશીકભાઈની ખેડૂતો પ્રત્યેની લાગણી, સાહસવૃતિ અને પુરા અભ્યાસ સાથેનો સમજપૂર્વકનો પ્રયાસ ખરેખર નોંધપાત્ર છે. રાજયના ખેડૂતોમાંથી થોડી સખ્યામાં પણ આવો સમજપૂર્વકનો અભ્યાસુ પ્રયાસ કરવા પ્રેરાય તો તેમને તો લાભ થશે જ સાથે સાથે રાજયનો કૃષિ વિકાસ પણ વેગવંતો બનશે.

લેખન : આર. બી. મારવીયા અને ચિરાગ આર. પટેલ

**સંપર્ક**

**સરદાર સરોવર નર્મદા નિગમ લિ.**
(ગુજરાત સરકારનું સંપૂર્ણ માલિકીનું સાહસ)
કાર્યવાહક સંચાલક (કૃષિ),
કૃષિ વિંગ, બ્લોક નં.૧૨/૩–સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર–૩૮૨ ૦૧૦
ફોન નં. ૦૭૯–૨૩૨૫૨૧૭૨, ફેક્સ નં. ૨૩૨ ૨૩૦૫૬
ઈ મેઈલ : ed.cd.ssnnl@gmail.com